## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લાલ-પીળી સંધ્યાનો છેલ્લો નજારો જોઈ લે !*
*મુક્ત પ્રજાની, ભીડ ભરી બજારો જોઈ લે !*
*સવારો જોઈ લે - હવે રોજ ઉગે છે ઝાંખી -*
*મંદિર-મસ્જિદ-દેવળ ને મજારો જોઈ લે !*
*(દિવસો દિવસ આંખે વધતી ઝાંખપ)*

### હાઈકુ

*છે આવરણ -*
*દેખાય જગ ઝાંખું -*
*અજ્ઞાન પર્દે...*

*છે ઘટમાળ*
*ઉગે ને અસ્ત થાય -*
*એ જ જિંદગી...!!*

### ચિંતન

***યથા ચતુર્ભિઃ કનકં પરીક્ષ્યતે । નિઘર્ષણચ્છેદનતાપતાડનૈઃ ॥***
***તથા ચતુર્ભિઃ પુરુષઃ પરીક્ષ્યતે । શ્રુતેન શીલેન કુલેન કર્મણા ॥***

**ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**જેવી રીતે, કસોટીના પથ્થર ઉપર ઘસવું, ટુકડા કરવા, તપાવવું અને ટીપવું આમ ચાર પ્રકારે સોનાની પરીક્ષા થાય છે. તેવી રીતે શાસ્ત્રજ્ઞાન, સારો સ્વભાવ, કુળ અને કરવામાં આવતું કાર્ય, આમ ચાર પ્રકારે માણસની પરીક્ષા કરવામાં આવે છે.**

**માણસ કેટલું શાસ્ત્રજ્ઞાન ધરાવે છે પોતાના કુળના રિવાજો, દેવ-દેવીની નામ અને તેમની પૂજા આ બધું જાણે છે.**

**સ્વભાવે નમ્ર છે કે ઉદ્ધત, ત્યાગી છે કે સ્વાર્થી એ જાણવું જોઈએ.**

**પોતાના કુળના રિવાજો અને એમાં શ્રદ્ધા વિશ્વાસ છે કે કેમ ? તેનું આચરણ કેવું છે ? માણસની સાચી પરખ આ બાબત પરથી થાય છે.**

### સુવિચાર

- ઉબાલ ઈતના ભી ના હો કિ ખૂન સુખ કર ઉડ જાયે,
  ધૈર્ય ઈતના ભી ના હો કિ ખૂબ જમે તો ખૌલ ભી ના પાયે - **સરયુ પ્રાચી**
- ખીલવવા હોય જો સંબંધોનાં ફૂલ... તો બંધ કરો શોધવાનું એકબીજાની ભૂલ...!! - **જીવન પાથેય**
- કયાં સુધી મજબૂરીઓ ગણાવતા રહેશો, કયારેક તો સામા પવને દોડતા શીખો - **જિગ્નેશ દાદા**
- તમારાં પરિણામો તમારા પ્રયત્નના પ્રમાણમાં જ હશે - **ડેનિસ વેટલી**
- સ્વસ્થ થવું છે ? દરેકમાં ઈશ્વરનાં દર્શન કરો - **લૂઈ હે**
- મૂલ્યો અને સિદ્ધાંતો જ જીનને અર્થ, આનંદ અને ગૌરવ આપે છે - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : ટી ટ્રી ઓઈલ - અડધી ચમચી, ઓલીવ ઓઈલ અડધી ચમચી મિક્સ કરી રૂથી ફંગલ ઈન્ફેકશન પર લગાડી એક કલાક સાદા પાણીથી ધોઈ લેવાથી રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જોયા જાણ્યા વગર લોકોને વાતો કરવાની મજા આવતી હોય છે. એમાંય નિંદારસ તો સૌનો પ્રિય રસ રહ્યો છે. ગંગાબાનો યુવાન દીકરો સોહન પોતાની બહેનને મૂકવા સાસરે ગયો. બહેનના નણંદ ઓચિંતા માંદા પડ્યા હતા. સોહન બે દિવસમાં પાછો આવવાનો હતો એ આવ્યો નહીં. એ જમાનામાં ફોન નહોતો. ઘરમાં સૌ ચિંતા કરવા લાગ્ય. કોઈકે વાત ફેલાવી કે સોહન કોઈ છોકરીને લઈને ભાગી ગયો છે. સવાર-સાંજ પડોશીઓ અને ગામના લોકો ગંગાબાને પૂછે કે, 'હેં ગંગાબા, આ સોહન વિશે સાંભળ્યું છે એ સાચું છે ?' કોણ છે એ છોકરી ?' ગંગાબા સૌને સમજાવીને થાકી ગયા પણ ગામ લોકો માનવા તૈયાર જ ન હતા. પાંચમા દિવસે સોહન પાછો આવ્યો. અને એણે ખુલાસો કર્યો : 'બહેનના નણંદને પગમાં વાગ્યું હોવાથી એને પાટો બંધાવવા હું બાજુના ગામમાં લઈ ગયોહતો. ત્યાં કોઈક આપણા ગામનાએ મને જોયો હશે. એટલે આવી અફવા ફેલાવી દીધી.' આમ છતાં ગામના લોકો અંદરોઅંદર ગંગાબા અને સોહન માટે અજબગજબની કલ્પના કર્યા કરતા હતા. પરિવાર આ બધાની વાતો સાંભળી સાંભળીને કંટાળી ગયો. છેવટે સોહનના દાદા બોલ્યા, 'વાત મૂકો પડતી, કારણ કે ગામનાં મોંએ ગરણું ન બાંધી શકાય.'

# મૃતદેહો સાથેના અશોભનીય વર્તાવથી સુપ્રીમ નારાજ

### તંત્રીસ્થાનેથી...

મરનાર આતંકવાદી હોય તો પણ એના મૃતદેહનો સમ્માન પૂર્વક નિકાલ કરવામાં આવે છે. માનવ અધિકારની રૂએ કોઈ પણ શબને સમ્માનપૂર્વક અંતિમવિધિનો હક છે, જે તમામ ધર્મો અને રાષ્ટ્રોએ સર્વસંમતિથી પોતપોતાના બંધારણમાં સામેલ કરેલ છે. કોરોનાના આતંકથી ડઘાઈ જઈ આ જીવલેણ ચેપી રોગનો ભોગ બનેલા માણસનો તબીબી સલાહ અનુસાર અત્યંત કાળજીપૂર્વક સલામત અંતર રાખી નિકલા કરવો પડે છે, જેથી એનો ચેપ બીજાઓને ન લાગે. પરંતુ આથી પરિસ્થિતિ એવી સરજાવા પામી છે કે ખુદ એ કમનસીબ દરદીના કુટુંબીજનો ઘણી વાર મૃતદેહ સ્વીકારવા તૈયાર નથી થતા. આવા સંજોગોમાં આવી લાશને ઠેકાણે પાડવાની જવાબદારી હોસ્પિટલ સ્ટાફ અને પોલીસના શિરે આવી પડતી હોય છે. સંવેદનશીલ સ્ટાફ કે પોલીસકર્મીઓ કયારેક બહુ જ સલૂકાઈપૂર્વક, મૃતદેહનું સમ્માન જાળવીને એની અંતિમક્રિયા કરતા હોવાના દાખલા પણ જોવા મળ્યા છે. પરંતુ સામે એવાં પણ ઘણાં ઉદાહરણ છે જયાં મૃતદેહ સાવ લાવારિસ હાલતમાં રઝળતો મૂકી દેવાયો હોય. પશ્ચિમ બંગાળના એક વીડિયોમાં આવા મૃતદેહને રીતસર હૂક વડે ઢસડી એના માટે ખોદી રાખેલી કબરમાં ગબડાવી દેવાતો દર્શાવાયો હતો. ઉત્તરપ્રદેશમાં કોરોનાના દરદીની લાશો કચરાના ઢગમાંથી મળી આવે છે. કયાંક વળી જીવતા કોરોના દરદીઓના બેડ પાસે જ આવી લાશો ખડકાતી રહી છે. આ મુદ્દે પૂર્વ કેન્દ્રીય કાનૂનમંત્રી અશ્વિનીકુમારે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ બોબડેને એક પત્ર પાઠવી મૃતક દરદીની સમ્માનપૂર્વક અંતિમવિધિ થવી જોઈએ, એ એનો કાનૂની અધિકાર છે, એવી રજૂઆત કરતાં સુપ્રીમ કોર્ટો એનો સુઓમોટો અરજી તરીકે સ્વીકાર કરી ત્રણ ન્યાયમૂર્તિઓની ખંડપીઠને આ બાબત સોંપી હતી. જસ્ટિસ અશોક ભૂષણના નેતૃત્વવાળી આ ખંડપીઠે મૃતદેહોના અપમાન મુદ્દે અને કોરોનાના દરદીઓને પડતી હાલાકી મુદ્દે કેન્દ્ર અને રાજય સરકારોનો ઉધડો લઈ નાખ્યો છે. કેન્દ્ર ઉપરાંત પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, દિલ્હી, ગુજરાત સહિતના રાજયોના સત્તાધીશોને કડક ભાષામાં નોટિસ પાઠવી સરકારી હોસ્પિટલોમાં કોરોનાના દરદીઓને પડી રહેલી તકલીફ અને એમને સહન કરવી પડતી અમાનવીય અવહેલનાનો જવાબ માગ્યો છે. મૃતદેહોને સમ્માન મેળવવાનો બંધારણીય અધિકાર છે, જેની અપેક્ષા કરી એમને અને કોરોનાથી પીડાતા દરદીઓને પશુઓ કરતાં પણ બદતર હાલતમાં મુકાઈ જવું પડે છે, એથી સુપ્રીમ કોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી છે. કોરોના માટેના ટેસ્ટિંગની સંખ્યામાં ધરખમ ઘટાડો કરવાની સરકારી નીતિ સામે પણ અદાલતે આક્રોશ ઠાલવ્યો છે. સરકારી હોસ્પિટલોમાં બેડ ખાલી હોવા છતાં દરદીઓ છતાં દરદીઓ ત્યાં દાખલ થવા માગતા નથી અને ખાનગી હોસ્પિટલોમાં મોંઘીદાટ સારવાર લેવા મજબૂર બને છે. આ તમામ બાબતો કેન્દ્ર અને રાજય સરકારો માટે અત્યંત શરમજનક છે. જો કે સરકાર તો હરહંમેશ જાતે ને જાતે પોતાની પીઠ થાબડતી રહે છે પરંતુ નક્કર હકીકત એ છે કે સંક્રમણ સામે ઝીંક ઝીલવામાં તંત્રને સરિયાણ નિષ્ફળતા જ સાંપડી છે. નાગરિકોને રામભરોસે છોડી દેવા અને સત્તા બચાવવા તથા વિસ્તારવાની પળોજણમાં જ ગંજીફાનાં પત્તા ચીપ્યા કરવાં તે શું લોકશાહીની ક્રૂર મજાક નથી ? ન્યાયપાલિકા તો આંગળી ચીંધીને અટકી જશે, પરંતુ કાળમુખો કોવિડ-૧૯ જંગલની આગની જેમ દેશના સામાન્ય નાગરિકોને ભરખી રહ્યો છે એનું શું ?

# હજુ ક્યાં સુધી રાહ જોવી પડશે!?

### આરપાર

રાઘવજી માધડ

ગામમાં ભૂરો બોર્ડની પરીક્ષામાં પાસ થયો. તેથી સમાજે નક્કી કર્યું કે, ભૂરાનું સન્માન કરીએ. પણ ભૂરાનો બાપ કચરો આડો ફાટ્યો. તેમનું કહેવું છેઃ જિલ્લાનું પરિણામ સિત્તેર ટકા આવ્યું છે તો, ભૂરાને એંસી ટકા કેમ હોઈ શકે !? કાચી સમજના લીધે ભૂરા માથે રીતસરનાં માછલાં ધોવાવા શરુ થયા...પછી જે થયું હોય તે ભૂરો જાણે ! પણ બોર્ડની પરીક્ષામાં ગુજરાતી વિષયનું પરિણામ ભાષા જેમ જ ખૂબ નબળું રહ્યું છે તેથી એક ગરવા ગુજરાતી તરીકે આપણે કોને દોષ દઈશું, કોનાં પર માછલાં ધોવાં જઈશું !?

એક લાખની આસપાસ વિદ્યાર્થીઓ માતૃભાષામાં પાસ થવા પાત્ર ગુણ મેળવી શક્યાં નહીં. છેલ્લા વરસોનાં આંકડાતો ભારે ચોંકાવનારા રહ્યા છે. એકતો બોલીનાં પ્રભાવના લીધે ક્લાસરૂમમાં અસરકારક પ્રત્યાયનનો અભાવ, ગુજરાતી-ભાષાનું મહત્વ ઓછું અંકાવા લાગ્યું...અને તેમાં ભાષા ભણાવવાની પદ્ધતિ ...માથે દોષનો ટોપલો નાખી અથવા તેને જવાબદાર ઠેરવી સરળતાથી છૂટી શકાય એવું રાખીએ.પણ નબળાં ભાષાશિક્ષણનાં લીધે અન્ય સાક્ષરી વિષયોમાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી છે.

છેલ્લાં એક દાયકાના આવા પરિણામનું એનાલિસીસ કરવામાં આવે.પછી પ્રાપ્ત થતાં તારણો, કારણોના આધારે નિદાન થાય અને યોગ્ય ઉપચાર કરવામાં આવે તે સમયની અનિવાર્ય માંગ છે.પણ આપણે ત્યાં તો કોઈ કારણોવશ અસફળ રહેલાં વિદ્યાર્થીઓ માટેનાં ઉપચાર કે પુનઃશિક્ષણની કોઈ વ્યવસ્થા જ નથી.એકતો સ્કુલે આવવાનું બંધ.ઘણાં ઘરનું,ફરી અભ્યાસ કરી શકે એવું વાતાવરણ હોતું નથી.તેથી અમુક નાછૂટકે ભણવાનું છોડી દે છે.જો કે અધૂરો અભ્યાસ છોડી,અદ્ધવચ્ચે ઊઠી જતાં વિદ્યાર્થીઓનો સર્વે હાથ ધરવામાં આવે તો-તે બાળકો ક્યાં જાય છે, શું કરે છે...તે જાણી દિલ દ્રવી ઉઠે.વિદ્યાર્થી શિક્ષક પાસે ક્યાંથી આવ્યો તે અગત્યનું નથી પણ આવ્યા પછી તે ક્યાં જાય છે, શું કરે છે તે અતિ અગત્યનું હોય છે.

અને જયારે પુનઃપરીક્ષામાં અમુક વિદ્યાર્થીઓ સફળ થાય છે. ત્યારે અસફળતામાં શું આડે આવ્યું હતું...તે જાણવાની કોઈ દરકાર કરતું નથી. શિક્ષણનો ઢાંચો, માળખું, પદ્ધતિ, પુસ્તકો, અભ્યાસક્રમ...આવી અનેક બાબતો સામે શિક્ષણમાં સમૂળગી ક્રાંતિ આવે એવા દિવસોની હવે ક્યાં સુધી રાહ જોવાની રહેશે !

ઊંચા ગુણથી ઉત્તીર્ણ થવા બદલ વિદ્યાર્થીને માન-સન્માન આપવા તે આજની અનિવાર્ય રીત-રસમ થઇ ગઈ છે.પાલ્યને પ્રેરણા,પ્રોત્સાહન આપવા તે આપણા સૌની પવિત્ર ફરજ ને લાડકી ગરજ છે. પ્રશંસા પ્રભુને પણ પ્યારી રહી છે.પણ પ્રશંસાનાં પૂરમાં ઘણાંને તણાઈ જતાં, થોડાંને ભૂલાઈ જતાં, અમુકને ધોવાઈ જતાં અને કેટલાંકને ખોવાઈ જતાં જોયાં છે.આ પ્રથમ પગથિયું છે.હજુ તો જીવનની અનેક પરી ક્ષામાંથી પસાર થવાનું છે.કારણ કે જીવન ડગલેને પગલે પરીક્ષા લે છે. તેમાં પ્રશંસા વગર પાસ થવાનું હોય છે. અને કરુણાતો ત્યારે સર્જાય છે, એકબાજુ સન્માન સમારોહના સમાચાર હોય અને બાજુમાં કોઈના લાડકવાયાએ પરિણામના લીધે આપઘાત કર્યાની કારમી વિગત હોય !

આપણે ત્યાં માતૃભાષા કે અન્ય વિષયમાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓ માટે ખાસ શૈક્ષણિક વ્યવસ્થા ઊભી થવાં માટેનાં, આ ગતિશીલ ગુજરાતમાં દિવસો દૂર ન જ હોવા જોઈએ !

છેલ્લે : એક મત મુજબ, નોકરિયાતના સંતાનોને સરકારી સ્કૂલમાં ભણાવવા ફરજિયાત હોય તો શિક્ષણનાં અમુક પ્રશ્નો આપોઆપ આઘા રહે !

http://raghavjimadhad.blogspot.com

# આવો, સૌ સાથે મળીને સુપ્રસિદ્ધ લેખક થઈએ

### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી સાહિત્યના આરંભિક સુધારક યુગ પછીના પંડિત યુગમાં જ્યારે પંડિત સર્જકોની પાંડિત્યભરી ભાષાની દાદાગીરી સાહિત્યમાં વધી ગયેલી એ વખતે આ દાદાગીરી સામે પડકાર ફેંકતા શ્રી રમણભાઈ નીલકંઠે એક અદભુત નવલકથા '' ભદ્રંભદ્ર '' લખીને સૌ પાંડિત્યભર્યા સર્જકોની કલમ સામે અરીસો ધરેલો. મારી દૃષ્ટિએ આજે પણ આવી જ સ્થિતિ સાહિત્યની બાબતમાં ઊભી થયેલી છે. સોશિયલ મીડિયાને કારણે આજે અસંખ્ય લોકો પોતાની જાતને લેખક માનીને ઊછળી રહ્યા છે. જેમ ઉછળકુદ કરતાં દેડકાઓ વિના ચોમાસે ડ્રાઊં ડ્રાઊં કરે છે. તેમ આવા ઘણા લોકો અહી તહી ઊછળકુદ કરીને ચારેબાજુ હાહાકાર મચાવે છે ત્યારે તેમની આસપાસના મોટાભાગના લોકો સમજતા હોવા છતાંય એમની વાહવાહ જ કરે છે. બાકી અંદરથી તો તેઓ પણ આવા કૂપમંડૂકચારિત્ર્યધારી વ્યક્તિત્વની હાંસી જ ઊડાવતા હોય છે. પણ આવા પ્રશસ્તિક્ષુધાયુક્ત લોકો આવું સમજી શકતા હોતા નથી.

સોશિયલ મીડિયા જ્યારે નવું નવું આવ્યું ત્યારે તો ઠીક છે કે એમાં આપણે રચ્યા પચ્યા રહીએ, પણ હવે તો એનેય એક દસકો વિતી ગયો છે. પણ ઘણા મિત્રોને હજીયે આ સોશિયલ મીડિયાનો મોહ ઊતર્યો નથી. મને તો લાગે છે કે આવી બધી વ્યક્તિઓ રોજ સવારે બેડ પર આંખ ખોલતા જ હાથમાં મોબાઈલ લઈને ફેસબૂક પર કે ટ્વીટર પર કે વૉટ્સપ પર કોઈ ને કોઈ મેસેજ પોસ્ટ કરી દેતા હોય છે. અને જો આમ ના થાય તો સવારે પેટ સાફ થતું નથી હોતું. અને ઘણા તો આ મેસેજ પણ કેવા વિચિત્ર વિચિત્ર મૂકતા હોય છે કે આપણને વાંચતા જ એમ થાય કે જો આપણે પોલીસ અધિકારી હોઈએ તો સૌ પ્રથમ આવા લોકોને પકડી - પકડીને બજાર વચ્ચે જ ઢીબી નાખવા જોઈએ. ઘણાય તો રોજ સવારમાં એક મેસેજ પોસ્ટ કરવાનું વ્રત પાળતા હોય છે. એકપણ દિવસ ફેસબૂક વિના ખાલી જતો નથી હોતો.

જો કે આ સોશિયલ મીડિયાને કારણે આજે ફાસફૂસિયા લોકો પણ લાઈમ લાઈટમાં આવવા લાગ્યા છે. કેમ કે આવા પ્રસિદ્ધિક્ષુધા દેડકાંઓનું ડ્રાઊં ડ્રાઊં રોજેરોજ સવારે ફેસબૂક પર સૌને સંભળાતું રહે છે. અને ઉપરથી આવા ભૂખ્યા પ્રસિદ્ધાત્માઓની ભૂખ ભાંગે છે અખબારવાળાઓ, તેઓ જોયા જાણ્યા વિના, સમજ્યા વિના, ખાત્રી કે સાચી હકિકતની તપાસ કર્યા વિના આવેલી પ્રેસનૉટને આંખોમિંચીને બેઠેબેઠી વિશાળ ફોટા સાથે છાપી દે છે.પરિણામે ઘણીવાર એવું બનતું હોય છે કે કાર્યક્રમ હોય ઘરના એક રૂમમાં આઠ દસ માણસોનો જ... અને પ્રેસનોટમાં આ બધાયના નામ ને ફોટા પણ અખબારમાં છપાવી દેવાય છે, એટલે બને એવું કે કાર્યક્રમ કરતા પ્રેસનૉટ મોટી બની જાય છે. અને સમાજનો મોટો વર્ગ ગેરમાર્ગે પણ દોરાય છે.(અખબારવાળા ધ્યાન આપે) અને આ છપાયેલી પ્રેસનૉટ ફેસબૂકમાં મૂકાતા ચારેતરફ તાળિયો પાડવાવાળા તો હોવાના જ... લાઈક્સ અને કૉમેન્ટ્સથી આવા ડ્રાઊં ડ્રાઊં શેખકો (લેખકો નહી... પોતે જ પોતાની શેખી મારતા – શેખકો) આખો દિવસ ફૂલ્યા ફૂલ્યા રહે છે.

આજકાલ ગાંધીનગર – અમદાવાદમાં, અને આમ તો બધે જ.. નવી નવી સંસ્થાઓ ધડાધડ ખૂલવા લાગી છે. કેમ કે કેટલાક શેખકો એવા છે કે તેઓ સંસ્થાકીય પદ વિના રહી શકતા જ નથી... તેઓ એવું માનતા હોય છે કે જો પોતે કોઈ સંસ્થાના અધ્યક્ષ કે મહામંત્રી કે ઉપપ્રમુખ કે મહાસચિવ કે ખજાનચી કે માર્ગદર્શક કે કારોબારીમાં નહી રહે તો કોઈ તેમને ઓળખશે નહી, બોલાવશે નહી, અને તેઓની આ માન્યતા સાચી પણ હોય છે. કેમ કે જેમનું ક્યાંય કોઈપણ પ્રકારનું પ્રદાન નથી તેઓને પદ સિવાય કોણ ઓળખવાનું છે ? લાઈમલાઈટમાં રહેવા ક્યાંથી મળે ? ઘણા શેખકો એવા ય છે કે જેમને સાહિત્યના કેટલા સ્વરૂપો છે ? ગુજરાતી ભાષાનું મૂળ – કૂળ શું છે ? વળાંકો કેવા છે, પ્રતિફલનો શું છે ? આવી કશી જ ખબર નથી સાહિત્યના ગૌરવશીલ ઈતિહાસથી અવગત નથી, અને આખી સંસ્થા ચલાવતા હોય છે. ક્યારેક એવું પણ બને છે કે આવી સંસ્થાઓમાં પાંચ છ જણા મળીને એકબીજાને અધ્યક્ષ બનાવીને તૂષ્ટિકરણને આધારે એકબીજા ઉપર ઋણનો ઉતાર ચડાવ કરતા હોય છે. મહામંત્રી જેવા હોદા ફોન કરીને આપી દેવાય છે, મારા એક વડિલ મિત્ર છે તેઓ આવી રીતે ફોન ઉપર જ પ્રમુખ બની ગયેલા. મેં પૂછ્યું તો કહે કે '' મિટિંગને દિવસે હું ફિલ્મ જોવા ગયેલો, અને તે દિવસે મારી છ જણાએ સર્વાનૂમતે વરણી કરી પછી મને જાણ કરેલી '' આવા શેખકો સાહિત્યનું ને સંસ્થાનું શું કરશે ? એ તો ફેસબૂક જાણે, અહી ઘણા શેખકો એવા પણ છે કે જેમના નામે અનેક પુસ્તકો ને પારિતોષિકો પણ બોલે છે. પણ એની ગુણવત્તા કે મૂલ્ય સંદર્ભે સૂજ્ઞ સર્જકો મૌન સેવતા હોય છે, કેમ કે તેઓ કોઈનો ભ્રમ તોડવાનું પાપ લેવા નથી ઈચ્છતા હોતા. વળી સૌને લાડવો ખાવો છે પણ બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે ? એવી સ્થિતિને કારણે ડ્રાઊં ડ્રાઊંના પડઘાઓ જ ચારેતરફ સંભળાતા રહે છે. કારણ કે દેડકાની ઉછળકૂદ નાના નાના જીવજંતુઓને ગમતી હોય છે, તેઓ દેડકાને જંગલનો રાજા માનીને માન સન્માન આપતા રહે છે અને એમની આસપાસના વાતાવરણમાં (સોશિયલ મીડિયામાં) હંમેશાં ડ્રાઊં ડ્રાઊં થયા કરે છે. સાચા અવાજો અંદર, અદૃશ્ય જ રહી જાય છે.

મારા એક વડિલ મિત્ર છે જેઓ છેલ્લા ત્રીસેક વર્ષથી સાહિત્યિક, સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓમાં સતત અધ્યક્ષ તરીકે ક્યાંક ને ક્યાંક નિયૂક્ત થયેલા જ હોય છે, કારણ તેમનું ''પ્રદાન'' નહીં પણ દર વર્ષે દેવાતું ''દાન'' હોય છે, પણ જ્યારે તેઓ નિવૃત થયા ત્યાર પછી સરકારી વધારાની આવક બંધ થતા ''દાન'' પણ બંધ થયું અને હવે તેમને પદનિવૃતિ પણ લેવી પડી છે, જો કે પોતે જાતે એક સંસ્થા બનાવીને આજીવન અધ્યક્ષ તરીકે નિયૂક્ત થયેલા છે. આજકાલ સોશિયલ મીડિયામાં ચારેતરફ પુરસ્કારોની લહાણી થઈ રહી છે, જ્યાં જૂઓ ત્યાં સન્માનપત્રો, પ્રશસ્તિપત્રો, પ્રમાણપત્રો જોવા મળે છે, કોણે શું પ્રદાન કર્યું ? સર્જન કર્યું ? એના વિશે કોઈ કશું જ દર્શાવતું નથી ( હોય તો દર્શાવે ને ? ) પણ સન્માનપત્રો અપાય છે અને લેવાય છે. હવે જે વ્યક્તિને આપણે નજીકથી ઓળખતા હોઈએ, આપણને ખબર હોય કે ફલાણી વ્યક્તિને ચાર લાઈન લખતા આવડતી નથી, ધો. બાર પાસ જેટલો આઈ ક્યૂ પણ નથી, પાંચ પાડોશી પણ ઓળખતા નથી, ત્રણ માણસોની વચ્ચે બોલતા આવડતું નથી. એને રાષ્ટ્રિય પુરસ્કાર કંઈ રીતે મળી જાય ? આવા પુરસ્કારો, સન્માનો અને સંસ્થાઓની પ્રમાણિકતા સામે સવાલો ઊભા થાય છે, વળી હવે કોઈ નાની સંસ્થા બનાવતું જ નથી. સીધી રાષ્ટ્રીય સંસ્થા ને રાષ્ટ્રીય અધ્યક્ષ... પ્રમાણપત્રો છપાવી છપાવીને સ્પર્ધાઓ યોજી ભાગ લેનાર તમામને સહીઓ કરી કરીને આપી દેવાય છે. આવી રીતે અનેક શેખકો પોતાની જાતને શબ્દના ભામાશા માનતા થઈ ગયા છે. અને સોશિયલ મીડિયા ઉપર પ્રસિદ્ધિ (?) પામી રહ્યા છે. વળી આજકાલ એક મોટી ગેરસમજ એ પ્રવર્તે છે કે કોઈપણ પુસ્તક પ્રગટ થાય એને સાહિત્ય કહેવાય...કંઈ પણ લખાય એને સાહિત્ય કહેવાય, પણ માર્કેટમાં તો ''રસોઈની કળા, યોગાસન કરો, નિરોગી રહો, અથાણા બનાવવાની વિવિધ રીતો, ચોરી કરવાની કળા, જાદુગરની કળા શીખો, સરકારી અંદાજપત્રો, બેંકોના વાર્ષિક હિસાબો..સ્ત્રી સૌન્દર્યના પ્રસાધનો, વગેરે વિષયોના પણ પુસ્તકો લખાય અને છપાય છે. તો શું એ બધું સાહિત્ય કહેવાય? આવા અખબારી લખાણને સાહિત્ય સમજીને ઝિંગાલાલા કરવાવાળા આજે ઘણા વધી ગયા છે. તો વળી સોશિયલ મીડિયામાં સતત વાહવાહી મેળવીને - શબ્દવાહકો ક્યારેય અર્થના ઊંડાણ સુધી પહોંચી શકતા નથી.

જો કે એક રીતે જોઈએ તો આવું બધું જગતમાં ચાલતું જ રહેવાનું, જે રાજ્યમાં બુદ્ધિજીવીઓ, વિદ્વાનો મૌન રહે ત્યા મૂર્ખાઓ રાજ કરે જ... એ સર્વસામાન્ય નિયમ છે. સોશિયલ મીડિયા આવું જ એક ક્ષેત્ર છે, એમાં અનેક રાજાઓ રાજ કરે છે, આ દરેકને પોતપોતાની વાહ વાહ કરે એવી, ગમે તેવી વાહિયાત પોસ્ટમાં પણ લાઈક્સ અને કૉમેન્ટ્સ કરે એવી પ્રજા મળી જ રહે છે, એટલે એ રીતે આ બધાના શાબ્દિક, માનસિક વ્યાયામો ચાલતા જ રહે છે, સૌ પોતપોતાની દુનિયામાં – સંસ્થામાં – સામ્રાજ્યમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મહામંત્રી, મંત્રી, ખજાનચી, સલાહકાર, સંવાહક, માર્ગદર્શક, અતિથિ વિશેષ બનીને પ્રભાવ પાડતા હોય છે પણ તેઓ કદી સાહિત્યના સત્ત્વ સુધી કે શબ્દના બ્રહ્મ સુધી ક્યારેય પહોંચી શકતા નથી. એ જ એમની કરૂણતા હોય છે. અસ્તુ.

**(નોંધ : કોઈએ અંગત રીતે કશું લેવું કે સમજવું નહી, આ માત્ર હાસ્યપ્રેરક, વ્યંગાત્મક અને થોડુંક વાસ્તવિક આલેખન માત્ર છે.)**

# વધુ 'ડિઝિટલ'...વધુ 'કેશલેસ'..!

### રઝળપાટ

અજય ઉપાધ્યાય

અનલોક -૧ પૂરું થવાને બહુ દિવસો બાકી નથી રહ્યા. નિષ્ણાતોની ધારણા મુજબ લોકડાઉન અનલોક થતાં જ કોરોના કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો છે., જો કે આ લખાય છે ત્યારે એક અખબારી વેબસાઈટ 'લાઈવ હિંદુસ્તાન' પર રાહતના સમાચાર વાંચવા મળ્યા છે કે જૂન અંત સુધીમાં ગુજરાત, પંજાબ, મધ્યપ્રદેશ જેવા રાજ્યો કોરોના પર કાબૂ મેળવી લેશે અને આ તર્કનું કારણ પણ આપ્યું છે કે આ રાજ્યોમાં રિકવરી રેટ વધતો ગયો છે. વાત પણ સાચી છે. ગુજરાત એકમાં જ નહી પણ દેશના કોરોનાના આંકડાઓમાં એક્ટિવ કેસ કરતાં રિકવર કેસની સંખ્યા વધી છે અને એ શુભ સંકેત છે. ગુરુવારના આંકડા મુજબ ગુજરાતમાં એક્ટિવ કેસ ૫૫૪૬ સામે રિકવર કેસ ૧૫ હજાર ઉપર છે તો ભારતમાં કુલ ૨૯૮૪૮૨ કેસ સામે ૧૪૨૬૪૨ એક્ટિવ કેસ છે તો ૧૪૭૩૧૪ કેસ રિકવર થઈ ચૂક્યા છે. હા કોરોનાના કુલ કેસોની સંખ્યાની દ્રષ્ટિએ આપણે વિશ્વમાં ચોથા સ્થાને બિરાજમાન થઈ ગયા છીએ એ જરા એલાર્મિંગ વાત તો છે જ. બાકી તો ગરમીમાં 'વાઈરસ મરી જશે' થી લઈને રોજજેરોજ છાપા અને ટીવી પર 'કોરોના કૈસે હારેગા' ના અનેકો કીમિયાઓ - શક્યતાઓ અને દાવાઓ વચ્ચે પબ્લિકે કોરોના સાથે જીવવું પડશે એ વાસ્તવિકતા વધુ સ્વીકારી લીધી છે એમ અત્યારે તો લાગી રહયું છે.

ખેર, કોરોના સાથે જીવવા માટેની મૂળભૂત શરતોમાં અગત્યની શરત છે શોશિયલ ડિસ્ટન્સ યાની કી બને ત્યાં સુધી કોઈ સાથે ફિઝિકલ કૉંટેક્ટ થાય નહીં એનો ખ્યાલ રાખવો. અગાઉના લેખોમાં લખ્યું હતું એમ કોરોનાએ માનવીની જિંદગી બદલી નાખી છે એમાનું એક છે ડિઝિટલ પેમેન્ટ. !!! જી હા, કોરોનાના કપરા કાળમાં કે જ્યારે હ્યુમન ટુ હ્યુમન ટચ એકદમ પ્રતિબંધિત હતો (અને હજુ પણ છે જ) અને ચલણી નોટો પર કોરોનાના જંતુઓ હોય શકે છે ને એને લીધે સંક્રમણની શક્યતા વધી જાય છે એવા વખતે આ સંક્રમણને ટાળવા માટે ડિઝીટલ પેમેન્ટ પ્લેટફોર્મનો હિંદુસ્તાનમાં વધુ ને વધુ ઉપયોગ થયો અને ભવિષ્યમાં વધુ ને વધુ ઉપયોગ થવાનો છે. યાદ છે ને નોટબંધી ? (હોય કાંઈ... એને તો કોણ ભૂલે હે !!!). નોટબધી વખતે આ ડિઝીટલ પેમેન્ટ પ્લેટફોર્મનો વપરાશ અમુક અંશે થવાનું શરૂ થયેલું. જો કે એ પહેલા પણ પેટીએમ અને બીજા ડિઝીટલ પેમેન્ટ પ્લેટફોર્મ હતા જ પણ નોટબંધીમાં એનો વપરાશ વધેલો. બિલકુલ કઈક એવું જ થયું આ લોકડાઉન વખતે પણ...!

દેશની અગ્રગણ્ય ડિઝીટલ પેમેન્ટ પ્લેટફોર્મ અથવા તો મોબાઈલ વોલેટ કહી શકાય એવા 'પેટીએમ' એ સ્વીકાર્યું છે કે લોકડાઉન વખતે પેટીએમ પર ટ્રાન્ઝેક્શન કરનારાની સંખ્યામાં અભૂતપૂર્વ ઉછાળો આવેલો. આમ તો ખાલી એક 'પેટીએમ' જ નથી દેશમાં છ્તાં ખાલી 'પેટીએમ' ની જ વાત કરીએ તો લોકડાઉન દરમ્યાન 'વર્ક ફ્રોમ હોમ' ને લીધે માત્ર બ્રોડબેન્ડ અને ડેટાકાર્ડ બિલની ચૂકવણીમાં લગભગ ૨૦૦ ટકાના દરે વૃધ્ધિ કરી. આ બન્ને સિવાય પણ મોબાઈલ રિચાર્જમાં ૪૨ % અને કરિયાણાના પેમેન્ટમાં પણ લગભગ ૩૦% જેટલા ગ્રાહકો 'પેટીએમ' પર વધ્યા, આ તો માત્ર એમના દ્વારા જાહેર કરાયેલા અડસટ્ટે આંકડાઓ છે અને આ આંકડાઓ પણ માત્ર ૨૨ માર્ચ થી ૧૫ એપ્રિલ સુધીના જ છે. પેટીએમના પ્રવક્તાના અનુસાર આ સિવાય દૂધ, દવાઓ, ઓનલાઈન ગ્રોસરી, ગેમિંગ પ્લેટફોર્મ વગેરે પર પણ યુઝર્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો. લોકડાઉનમાં એમેઝોન જેવી સ્ટ્રીમિંગ એપ્સ માટે, ઓનલાઈન ગેમિંગ માટે અને મનોરંજન અને ઈન્ફોર્મેશન માટે થઈને પેટીએમ પરથી થયેલા ડિઝીટલ પેમેન્ટના આંકડામાં પણ ઉછાળો જોવા મળ્યો. પેટીએમ ના ઓનલાઈન શોપિંગ મોલ 'પેટીએમ મોલ' પર લોકડાઉન દરમ્યાન રેકોર્ડ ૩.૫ લાખ જેટલા ઓર્ડર મળ્યા જેમાં લેપટોપ, મોબાઈલ, વેબકેમના ઓર્ડર્સ વધુ હતા. જેમ નોટબંધી વખતે કહેવાતું કે 'ક્યાં તો એટીએમ ને શરણે જાવ, ક્યાં તો પેટીએમ ને શરણે' બિલકુલ એવું જ દ્રશ્ય અને એનાથી વધુ ફાયદો પેટીએમ અને બીજા ડિઝીટલ પેમેન્ટ પ્લેટફોર્મને કોરોના અને લોકડાઉનના સમયમાં થયો.

પ્રધાનમંત્રીની મહાત્વાકાંક્ષી 'ડિઝિટલ ઈન્ડિયા' ને વધુ વેગ આ લોકડાઉનના સમયમાં મળ્યો એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય અને ભારત અને ભારતનું અર્થતંત્ર 'કેશલેશ ઈકોનોમી' તરફ વધુ એક ડગલું આગળ વધ્યા એમ કહી શકાય અને જો પેટીએમ જેવા ડિઝિટલ પેમેન્ટ પ્લેટફોર્મની વાત સાચી માનીએ તો પહેલા નોટબંધી અને હવે લોકડાઉનને લીધે વધુ ને વધુ લોકો જરૂરી પેમેન્ટ માટે આનો ઉપયોગ કરતાં થઈ ગયા છે. વોલમાર્ટની માલિકીવાળી આવી જ બીજી એક ડિઝિટલ પેમેન્ટ પ્લેટફોર્મ 'ફોન પે' એ તો હમણાં જ એલાન કર્યું કે તે ૨૦-૩૦% કર્મચારીઓ વધારવા વિચારી રહી છે. જી હા, એમ સંભળાતું હતું કે લોકડાઉન પછી નોકરીઓ જશે એવામાં આ સમાચાર ઉત્સાહવર્ધક નથી લાગતાં ? 'ફોન પે' એ તો કોઈ કર્મચારીના પગાર પણ કાપ્યા નથી. 'ફોન પે' ભારતમાં 'પેટીએમ' અને 'ગૂગલ પે' ને ટક્કર આપવા તૈયાર છે અને આ ટક્કરનું કારણ બીજું કાઈ નહીં પણ લોકડાઉનને લીધે ડિઝિટલ પેમેન્ટ નો વધેલો વ્યાપ અને વધેલા ગ્રાહકો કે યુઝર્સો જ છે !

મે મહિનામાં પ્રકાશિત થયેલા એક રિપોર્ટ મુજબ ભારતમાં ડિઝિટલ પેમેન્ટની શરૂઆત કરનાર પેટીએમ હાલ ત્રીજા નંબરે છે. લગભગ ૭.૫ કરોડ યુઝર્સ સાથે 'ગૂગલ પે' પહેલા નંબરે અને ૬ કરોડ યુઝર્સ સાથે 'ફોન પે' બીજા નંબરે છે. ' ફોન પે ' કે 'ગૂગલ પે' એ લોકડાઉન દરમ્યાન થયેલા વેપારના આંકડાઓ ભલે બહાર ના પાડ્યા હોય પણ એ બન્નેનું ભારતીય માર્કેટમાં સ્થાન જોતાં ચોક્કસપણે એ આંકડા વધુ જ હોવાના. જો કે આ સિવાય પણ 'એમેઝોન પે ', ' મોબીક્વીક ;, 'ભીમ', 'જીઓ મની' જેવા એપ બેઝ્ડ ડિઝિટલ પેમેન્ટ પ્લેટફોર્મ પણ છે જ પરંતુ હાલ બોલબાલા પહેલા ત્રણની જ છે. જો કે પેટીએમ ફરીથી નંબર-૧ નો ખિતાબ મેળવવા એડીચોટીનું જોર લગાવી રહી છે કેમકે હજુ વોટ્સઅપ પેમેન્ટ પણ ટોચના સ્થાન પામવાની હરીફાઈમાં સામેલ થવાનું છે. જીઓમાં ફેસબુકના રોકાણ પાછળનો એક ઉદ્દેશ એ પણ હશે જ કે જીઓના ગ્રાહકોનો લાભ વોટ્સઅપ પેમેન્ટને પણ મળે. લોકોને ડિઝિટલ પેમેન્ટ તરફ વાળવા માટે લોકડાઉનથી વધુ ઉત્તમ અવસર બીજો કોઈ હોય શકે નહી એ જાણી ચૂકેલી આ કંપનીઓ હાલ લોકડાઉન અનલોક થયા પછી પણ આ ડિઝિટલ ટ્રાન્ઝેક્શન તરફ વધુ ને વધુ લોકો વળે એ માટે સક્રિય છે અને એમાં ખોટું પણ શું છે ? કરન્સી અને ઈકોનોમી બન્નેને બરાબર અને એક જ તાંતણે બાંધી રાખતી આ સેવામાં અણસમજુ લોકોને લીધે ફાવી જતાં ફ્રોડ લોકોની એક જ નકારાત્મક બાજુને બાદ કરો તો આ બધી જ પેમેન્ટ એપ મને ને તમને સરળ, ઝંઝટમુક્ત આર્થિક વહેવારની મસ્ત મજાની આઝાદી આપે છે. હા હજુ ઘણા નાના વેપારીઓ કે લારી-ગલ્લા કે શાકભાજીની લારીઓ આમાથી બાકાત છે પણ એ પણ આ ડિઝિટલ દુનિયામાં વહેલા મોડા આવી જ જવાના, અને આમેય આ કોરોના સંકટ હજુ થોડો સમય ચાલવાનું છે એવામાં કેટલી વાર ચલણી નોટો કે ક્રેડિટ – ડેબિટ કાર્ડ્સને સેનિટાઈઝ કરતાં રહેવાના ?... એના કરતાં આ સારું !